RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 6

જુલાઈ - 2017

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ


માંગુ છું દુઆ કોઈથી વિખવાદ ન આવે,

સંવાદ વગર કોઈ બીજો સાદ ન આવે

સદભાગ્ય બીજું હોય શું, સંગાથમાં આપ હો ને

**વરસાદ મુશળધાર આવે !!**





# ચાલો સારા કાર્યોને ઉત્તમ રીતે પાર પાડીએ...

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,

સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...

જોત જોતામાં માતૃસંસ્થાની જવાબદારી સ્વીકારી તેને બે વર્ષ પૂર્ણ થઈ ગયા. શ્રી રઘુકુળ વિશ્વનો આ અંક આપને ત્યાં પહોંચશે ત્યારે અમારા દ્વારા બે વર્ષ દરમિયાનના જ્ઞાતિહિતાર્થ અને વિકાસ માટેના આપણા સહિયારા પ્રયાસનું સરવૈયું આપને આપવાનું સ્વાભાવિક જ રોકી શકાય નહિ, આ અંકમાં અલગ રીતે સામેલ છે. બે વર્ષના આ લેખાજોખાં....

'રસ' અને 'કસ' બંને ગમી જાય તેવા શબ્દો છે. રસ આપણને આપણામાં - આપણા જીવનમાં તો હોય જ, આપણી આસપાસની દુનિયામાં પણ હોવો જોઈએ. જીવન અને જગત કેવું છે અને તેની સાથે આપણો રઘુવંશી સમાજ કઈ રીતે ચાલે છે તેનું જો ધ્યાન રાખીએ, એની ગતિ-દિશાને એમાં રસ લઇને જો સુપેરે સમજીએ તો તેથી કશું ખોવાનું નથી, બલ્કે લાભ જ લાભ છે અને તેથી જ સમયની માંગ અને જરૂરિયાત મુજબ અમોએ શિક્ષણ અને આરોગ્યના બે પ્રકલ્પોને પ્રાધાન્ય આપ્યું અને તેમાં આપ સૌ જાણો છો એ મુજબ ઘણું કાર્ય થયું અને હજુ પણ ઘણું કરવાનું બાકી છે મને પૂરી શ્રદ્ધા છે કે આ પ્રકલ્પો દ્વારા આપણે આપણા સમાજને સૌના સાથ અને સહકારથી ઘણું અર્પી શકીશું.

આપણા સમાજમાં રસકસ વધારવાનો એક જ રામબાણ ઉપાય છે - સારા કામમાં આપણું સર્વથા રોકાણ થાય તે કયાં કામ આપણા માટે ફાલતું છે તે સમજવાની ક્ષમતા આપણે સાધવી જ રહી અને તેનો તાબડતોબ ત્યાગ કરવાની નિર્ણયશક્તિ પણ આપણે દાખવવી રહી. જેમ ખોટા ને ખરાબ કામો અનેક હોય છે તેમ સાચા ને સારા કામો પણ અનેક હોવાના. એમાંથી કયા સારા કામને અગ્રતાક્રમે સ્વીકારવું તે વિવેકબુદ્ધિથી નક્કી કરવાનું રહે છે. એ જ રીતે સારા હોય તો પણ એકસાથે ઝાઝાં કામ તો ન જ કરાય, કે જેથી ગુણવત્તા ટકે. તેથી જ સારું અને સમયદૃષ્ટિએ તાકીદનું હોય તે કામ પહેલું હાથમાં લઈને એમાં આપણી બધી જ તાકાત લગાડી તે ઉત્તમ રીતે પાર પડે તેવું કરવાનું રહે છે. શિક્ષણ અને આરોગ્યની સાથે આપણે કમીજલા ખાતે પૂજ્ય મોરારિબાપુ, પૂ. જાનકીદાસબાપુના સાનિધ્યમાં વિશ્વ રઘુવંશીઓનું વિરાટ સંમેલન યોજી સંગઠન, સંપ અને એકતાના ઉત્તમ રીતે દર્શન કર્યા. એ જ રીતે સમયની માંગ પ્રમાણે યુવક-યુવતિઓની લગ્નવિષયક પરિચય મેળા પણ સફળતાપૂર્વક યોજ્યા અને હવે આગામી વર્ષોમાં સમયની તાતી જરૂરિયાત મુજબ આર.સી.ટી. ભાગવત અતિથિભવન અને સામૂહિક માતૃતર્પણ મુખ્ય પ્રકલ્પો છે. તો સાથે સાથે અનેકવિધ સ્થાયી સમિતિઓ દ્વારા પણ સમાજ ઉપયોગી યુવાનોને શિક્ષણ ઉપયોગી અને જ્ઞાતિવિકાસ તેમજ મહિલા ઉત્કર્ષ માટેની વિવિધ નવતર પ્રવૃત્તિઓ તો સમયાંતરે થતી જ રહે છે જેનો આપણને સૌને આનંદ અને ગર્વ છે.

તો ચાલો, આપણે સૌ અભિરૂચિ, શીલશક્તિ ને સુવિધા તેમજ સમય અનુસાર યોગ્ય કાર્યની જવાબદારી તનથી, મનથી ને ધનથી સ્વીકારીએ અને પછી એડીચોટીનું જોર લગાવી તેને પૂર્ણતયા ઉત્તમ રીતે પાર પાડીએ. પૂજ્ય જલારામ બાપાને હૃદયથી પ્રાર્થના કરીએ કે, ''પરમ ચૈતન્યના પ્રવાહમાંથી આપણને એવું બળ, એવો વેગ સાંપડે કે જેથી આપણે સ્ફૂર્તિથી આપણે સ્વીકારેલા સત્કર્મમાં અડગપણે ક્રિયાન્વત રહી સૌને પ્રેમપૂર્વક પ્રસન્નતાનો પ્રસાદ સમર્પીને કૃતાર્થ થઈએ...!

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 6
જુલાઈ - 2017
અંક : 66
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ટ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૬.
ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 19 સળંગ અંક : 225


ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)


'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| સેવાના પગથારે વર્તમાન ટીમના બે વર્ષ | ૫ |
| મહિલા સંમેલન – અંબાજી | ૮ |
| હોદ્દેદારોની સિધ્ધપુર મુલાકાત | ૧૫ |
| ગ્લોબલ લોહાણા યુવા મીટ – મુંબઈ | ૧૬ |
| વિભાગીય સમાચાર | ૧૮ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૯ |
| સંસ્થા સમાચાર | ૨૨ |
| શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ–૨૦૧૭ | ૨૩ |
| સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ. | ૨૪ |

# જાહેર આમંત્રણ





## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સામૂહિક માતૃતર્પણ

માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

**ફક્ત રૂા. ૧૧૦૦૦/- ના અનુદાનથી પોથી નોંધાવવા માટે**
**સંપર્ક સૂત્રો : (079) 40091005, 9909999309**

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સરસ્વતી નદીની પાવન ભૂમિમાં માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણના ભવ્યાતિભવ્ય ઉત્સવમાં દેશ-વિદેશમાંથી રઘુવંશી ભાઈબહેનો ઉત્સાહભેર તન, મન અને ધનથી સેવા આપવા માટે સંકલ્પિત થયા છે ત્યારે પોથી રજિસ્ટ્રેશન માટે પણ દેશ-વિદેશમાંથી અભૂતપૂર્વ સહકાર સાંપડી રહ્યો છે. દિવંગત માતાના તર્પણ અને હયાત માતાના માતૃવંદના મહોત્સવમાં રૂ. ૧૧,૦૦૦ ના અનુદાનથી કોઈ પણ સભ્ય આ ભગીરથ સેવાયજ્ઞમાં સહભાગી બની શકે છે.

- કાર્યાલય

**તંત્રી સ્થાનેથી**

# સેવા સમાજ અને સમાજની સેવા

આપણો દેશ આઝાદ થયા પછી પરિસ્થિતિ વશાત્ જે કેટલાક શબ્દો વગોવાયા તેમાંનો એક તે 'સેવા'. 'સેવા' શબ્દ સાંભળતાવેંત જ તેના ખાસ જોડીદારની જેમ 'મેવા' શબ્દ હાજર થઈ જાય છે ! સેવા હવે ધર્મ નહીં પણ ધંધો બની રહ્યો હોય એવી લાગણી ચારેકોર દેખાય છે. 'સેવા' શબ્દમાંથી પરમાર્થની ખૂશ્બૂના બદલે સ્વાર્થની બદબૂ આવતી હોય તેવું આમ પ્રજાને લાગે છે. આથી સેવાના ક્ષેત્રે હવે કોઈ સેવકનો ભેટો થઈ જાય તો તેનેય આપણે શંકા ને વહેમથી જોઈએ છીએ.

પરંતુ ખુબ જ હર્ષ અને ગૌરવથી કહી શકીએ કે રઘુવંશી સમાજમાં અનેક ઉમદા સેવકોએ પોતાના શીલ અને સદાચારથી 'સેવક' શબ્દને ખૂબ જ સારી ગરિમા અને ઊંચાઈ અર્પેલી ! પૂજ્ય જલારામબાપા, પૂ.યોગીબાપા, પૂ. હિંડોચાબાપા, પૂ. છગનબાપા, પૂ.ભાણસાહેબ, પૂ. અનુબેન જેવા અનેક સાચા ને મૂક સેવકોએ પોતાના જીવન અને કવનથી 'સેવા' શબ્દની સાચી સમજ આપી રઘુવંશી સમાજને સાચો રાહ ચિંધ્યો છે. માતૃસંસ્થા શ્રી  લોહાણા મહાપરિષદની સ્થાપના અને શરૂઆત પણ આ મૂળભૂત રાહ પર ચાલવા જ થઈ છે અને અત્યંત આનંદપૂર્વક કહી શકાય કે તેના પ્રથમ પ્રમુખથી લઈ તત્કાલીન પ્રમુખ માન. યોગેશભાઈ હાલના પ્રમુખ આપણા લાડલા માનનીય પ્રવિણભાઈ કોટક આજ રાહ પર આગળવધી રઘુવંશી સમાજના ઉત્થાન, પ્રગતિ અને વિકાસમાં સૌને સાથે રાખી સમયની માંગ મુજબના વિવિધ પ્રકલ્પોનાં સંકલ્પોને પરિપૂર્ણ કરવા મથી રહ્યા હોય તેવું માન. પ્રવિણભાઈ અને સમગ્ર ટીમના કાર્યકાળના બે વર્ષના અંતે લાગી રહ્યું છે. માન. પ્રવિણભાઈ અને સમગ્ર ટીમને આપણે સૌ અભિનંદન અને શુભેચ્છા પાઠવીએ.

જો આપણે થોડા ઊંડાણથી વિચારીને જોઈશું તો જણાશે કે આપણા જન્મથી માંડીને આપણું મૃત્યુ થાય ત્યાં સુધી કોઈને કોઈ રીતે આપણે ડગલે  ને પગલે કોઈની ને કોઈની સેવા સહાય લઈને જ ચાલતા હોઈએ છીએ. ઈચ્છા કે અનિચ્છાએ પણ કોઈને સેવા આપવી અને કોઈની સેવા લેવી એ આપણા ઘર સાથે ઘડાયેલી અને જીવનવ્યવહાર સાથે જડાયેલી ઘટના છે. હું કોઈનીયે સેવા લીધા વિના મારી રીતે જીવું છું એવું કોઈ કહે તો તેમાં એનું મિથ્યાભિમાન જ પડઘાતું હોય છે. કેમ કે પરસ્પર ઋણભાવ અદા કરતાં કરતાં જ આપણે સૌની સાથે ને સૌની વચ્ચે રહી શકીએ છીએ.

આપણાને જે કંઈ મળ્યું છે તે કેવળ આપણા પૂરતું જ વાપરીએ તો તેમાં નરી સંકુચિતતા વરતાશે. આપણે જેટલા પ્રમાણમાં બીજાઓના હિત - કલ્યાણમાં ઉપયોગી થઈએ એટલી આપણી હોવાપણાની અને થવાપણાની સાર્થકતા લેખાશે. આપણે જ્યારે બીજાની ભલાઈ માટે કોઈ 'સેવા' કરીએ છીએ ત્યારે આપણાને પરવરદિગારની ખિદમત કરતા હોઈએ એવું લાગે છે. જ્યાં ભલાઈ, ત્યાં ભગવાન. આપણે જ્યારે કોઈને માટે ભલાઈના બે વેણ કાઢીએ ત્યારે આપણી વાણી જાણે બરકતવાળી ને બળવાન લાગે છે. બંધ મુઠ્ઠીએ આપણે સંકોડાઈએ છીએ. ખુલ્લી હથેળીએ આપણો ઉઘાડ થાય છે.

ચાલો, આપણે સૌ આપણા તન, મન અને ધનથી 'સેવા' દ્વારા આપણા ઘર-પરિવાર, સગા-વહાલા અને આપણા રઘુવંશી સમાજને એવા તો જાળવીએ કેળવીએ ને કામમાં લઈએ કે જેથી સુમેળ અને સહકારનું, સુખ અને શાંતિનું સ્વચ્છ અને સરસ વાદળું બંધાઈને રહે અને એમાંથી વ્હાલનો વરસાદ વરસે, તેવી આ વર્ષાઋતુમાં આપ સૌને હૃદયપૂર્વકની શુભેચ્છા....!!



- પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના

## શ્રી લોહાણા મહાપરિષદ

# સેવાના પગથારે... વર્તમાન ટીમના બે વર્ષ

**સિર્ફ હંગામા ખડા કરના મકસદ નહિ હૈ હમારા,**

**હમ યે ચાહતે હૈ કિ યે તસવીર બદલની ચાહિયે;**

**ચાહે વો ઇધર સે હો યા ઉધર સે, ઇસ દિલસે યા ઉસ દિલસે,**

**લેકિન પરિવર્તન કી જ્યોત કહીં સે ભી જલની ચાહિયે....**

બસ આવા જ કોઈ ભાવ, લાગણી અને ઈચ્છા સાથે ૪ અને ૫ જુલાઈ, ૨૦૧૫ ના શ્રી પ્રવિણભાઈ કોટકની સાથે અમોએ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની જવાબદારી સ્વીકારી. અમારા વિઝન અને મિશનને ચરિતાર્થ કરવા જ્ઞાતિગંગાના પ્રવાહમાં જે જે પ્રકલ્પોનું રસપાન આપ સૌને થયું તેનું સરવૈયું બે વર્ષના અંતે આપ સમક્ષ પ્રસ્તુત કરતા અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

તા.૪ જુલાઈ ૨૦૧૫ ના રોજ શ્રી યોગેશભાઈ લાખાણીનો કાર્યકાળ પૂર્ણ થતાં શ્રી પ્રવિણભાઈ કોટકને સમગ્ર વિશ્વની માતૃસંસ્થાનો પદભાર સોંપાયો. તા. ૫ જુલાઈ ૨૦૧૫ ના રોજ નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનો અભિવાદન સમારોહ યોજાયો તથા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ખજાનચી તરીકે શ્રી હિંમતભાઈ કોટકને પણ જવાબદારીના શપથ લેવડાવવામાં આવ્યા. બે વર્ષ દરમિયાન બંધારણ અનુસાર પ્રથમ કારોબારી સમિતિની બેઠક સુરત મુકામે જલારામ સેવા સમાજ ટ્રસ્ટના યજમાનપદે યોજાઈ જેમાં માતૃસંસ્થાના અન્ય તમામ હોદેદારોની વરણી કરવામાં આવી. કારોબારી સમિતિની દ્વિતિય બેઠક સમસ્ત હાલાર રઘુવંશી સમાજના યજમાનપદે જામનગર મુકામે યોજાઈ. સાથે સાથે ૧૦,૦૦૦ જેટલા રઘુવંશી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં હાલાર રઘુવંશી સંમેલન યોજાયું. તૃતિય કારોબારી સમિતિની બેઠક શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના યજમાનપદે નવી મુંબઈ ખાતે યોજાઈ. ચતુર્થ કારોબારી સમિતિની બેઠક ઉત્તર પૂર્વ વિભાગ શ્રી લોહાણા મહાપરિષદના યજમાન પદે કલકત્તા મુકામે યોજાઈ. દર બે વર્ષે એક વખત યોજાતી મધ્યસ્થ મહાસમિતિની સભા પણ ઉત્તર પૂર્વ વિભાગના યજમાન પદે ગુજરાતી સમાજ ભવન, કલકત્તા મુકામે યોજાઈ.

શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર ટીમ પોતપોતાની જવાબદારીઓ અંગે જાગૃત રહી સંલગ્ન સેવાકીય તથા રચનાત્મક પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન મેળવે તેવા શુભ આશયથી વર્ષ ૨૦૧૫ માં જ વિભાગીય હોદેદારોની, મહિલા વિભાગની, યુવા વિભાગની તેમજ તમામ સ્થાયી સમિતિના અધ્યક્ષોની અલગ અલગ મીટિંગો યોજાઈ અને સૌને પોતપોતાની જવાબદારીથી માહિતગાર કરવામાં આવ્યા અને વિચારોની આદાનપ્રદાન કરી સૌ પોતપોતાના ક્ષેત્રના કાર્યો માટે સંકલ્પિત થયા. જાન્યુઆરી - ૨૦૧૬ માં નાસિક મુકામે શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મા ઝવેરબાઈ આરોગ્ય ભુવન અને સમસ્ત લોહાણા સમાજ, નાસિકના યજમાન પદે તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદેદારશ્રીઓની ચિંતન શિબિર જેને અભૂતપૂર્વ સફળતા મળી. ફેબ્રુઆરી - ૨૦૧૬ માં પૂ.ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલા ખાતે અદ્વિતિય આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન યોજાયું જેમાં ૩૫,૦૦૦ જેટલા રઘુવંશીઓ આ આયોજનના સાક્ષી બન્યા. પૂ.જાનકીદાસબાપુની અધ્યક્ષતામાં યોજાયેલ વિશ્વવંદનીય સંત શ્રી મોરારિ બાપુના શ્રીમુખે "માનસ રઘુવંશ"માં ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી સુશ્રી આનંદીબેન પટેલ, વર્તમાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ભાગવતાચાર્ય પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને અન્ય સંતો, મહંતો અને રાજકીય તથા સામાજિક શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિથી સમગ્ર સમાજની એકતા અને સંગઠનના દર્શન થયા.

આરોગ્ય, શિક્ષણ અને થેલેસેમિયા નાબૂદી અભિયાનને કેન્દ્રમાં રાખી અનેકવિધ પ્રવૃત્તિઓ પણ વિસ્તાર પામી રહી છે. સ્વ.રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત ધો.૫ થી સ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ દર વર્ષે આપવામાં આવે છે. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક આરોગ્ય નિધિ અંતર્ગત જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક સહાય ત્વરિત ધોરણે ચૂકવવામાં આવે છે. સારવાર અર્થે અમદાવાદ આવતા

પરિવારોને અમદાવાદમાં વિનામૂલ્યે રહેવાની સગવડ પણ શ્રી લોહાણા મહાપરિષદ તરફથી પૂરી પાડવામાં આવે છે. આંકડાકીય રીતે જોવામાં આવે તો ગત બે વર્ષમાં સ્કોલરશિપ યોજના અંતર્ગત બે વર્ષમાં રૂા. ૧૨૦૦/-, રૂા. ૨૨૦૦/- તથા રૂા. ૩૨૦૦/-ની મર્યાદામાં દર વર્ષે અંદાજિત ૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને કુલ રૂા. ૨,૩૦,૦૦,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવેલ છે જેમાં સંલગ્ન મહાજન / સંસ્થા દ્વારા ૩૦% રકમનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. છેલ્લા બે વર્ષમાં આરોગ્ય માટે વિવિધ સારવાર અર્થે જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક સહાય, અમદાવાદ ખાતે જરૂરિયાતમંદ પરિવારોને વિનામૂલ્યે રહેવાની સગવડ અને થેલેસેમિયા રક્ત પરિક્ષણ માટે આયોજક મહાજન / સંસ્થાને એમ કુલ અંદાજિત રૂા. ૩૪,૦૦,૦૦૦/- જેટલી સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણ માટે તેજસ્વી વિદ્યાર્થીઓને શ્રી કે. સી. ઠક્કર પ્રેરિત માધવ હાયર એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ તેમજ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીના સીધા આર્થિક સહયોગ તથા સંચાલન હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૫ વિદ્યાર્થીઓને કુલ અંદાજિત રૂા. ૨૫,૦૦,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫ માં ઉત્તર ગુજરાતમાં આવેલા વરસાદી આફતમાં પણ જરૂરિયાતમંદ પરિવારોને રૂા. ૭,૦૦,૦૦૦/- જેટલી રોકડ સહાય માતૃસંસ્થા દ્વારા રાધનપુર તથા ભાભર મુકામે પહોંચાડેલ છે.

આ ઉપરાંત જરૂરિયાતમંદ પરિવારોને વધુ રકમની જરૂરિયાત હોય તેવા કિસ્સામાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ, શ્રી રઘુકુળ આરોગ્ય નિધિ તથા શ્રી રઘુકુળ શિક્ષણ નિધિમાંથી પણ ૩૦ થી ૩૫ જેટલા પરિવારોને માતબર રકમ ફાળવવામાં આવેલ છે. શ્રી લોહાણા મહાપરિષદની આ પ્રકારની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને આર્થિક બળ પૂરું પાડવા આ સેવાયજ્ઞમાં ગત્ બે વર્ષ દરમિયાન સમાજ શ્રેષ્ઠીઓ અને દાતાશ્રીઓનો પણ અભુતપૂર્વ સહકાર સાંપડ્યો છે. આ ઉપરાંત માતૃસંસ્થાના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ સ્વાવલંબી બની રહે તે માટે દાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ માટે મળતી જાહેરાત સંલગ્ન અંકોમાં પ્રકાશિત કરવામાં આવે છે. તા.૨ જુલાઈ, ૨૦૧૬ ના રોજ ગ્રાન્ડ ભગવતી અમદાવાદ મુકામે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થતાં આ સેવાયજ્ઞને જે જે દાતાઓ તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- કે તેથી વધુનું અનુદાન પ્રાપ્ત થયું છે તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા અને વર્ષ દરમ્યાન થયેલી વિવિધ પ્રવૃત્તિઓને વિગતવાર રજૂ કરવામાં આવી હતી.

શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ સ્થાયી સમિતિઓ અંતર્ગત શિક્ષણ સમિતિ દ્વારા કારકિર્દી માર્ગદર્શન, શૈક્ષણિક સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વધુ સંખ્યામાં રઘુવંશી વિદ્યાર્થીઓ જોડાય તે માટે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આવા વિદ્યાર્થીઓની પસંદગી કરી પ્રશિક્ષણ તથા માર્ગદર્શનનું પણ આયોજન થઈ રહ્યું છે. આરોગ્ય સમિતિ દ્વારા કલકત્તા મુકામે યોજાયેલ મીટિંગમાં રઘુવંશી ડોક્ટર્સ આ સેવાયજ્ઞમાં જોડાય તે માટે તેમની નિપૂણતાનો સમાજસેવામાં ઉપયોગ થાય તે હેતુથી આરોગ્ય સમિતિ દ્વારા સંકલ્પ પત્ર પ્રકાશિત કરવામાં આવ્યા છે જે અંતર્ગત નિષ્ણાત ડૉક્ટરોને વર્ષમાં જરૂરિયાતમંદ પરિવારોને ચોક્કસ સારવાર નજીવી કિંમતે મળી રહે તે માટે સંકલ્પિત કરવામાં આવે છે. પર્યાવરણ સમિતિ દ્વારા સમયાંતરે વૃક્ષારોપણ, પાણી તથા અન્ય ઊર્જાના સંરક્ષણ માટે વિવિધ કાર્યક્રમો તથા યુવાધન અને બાળકોને જોડવા માટે વિવિધ પ્રકારની સ્પર્ધાનું પણ આયોજન સમયાંતરે કરવામાં આવે છે. લગ્નવિષયક સમિતિ દ્વારા તા.૧૩ મે, ૨૦૧૭ ના રોજ જલારામ ધામ, ચોટીલા મુકામે તેમજ તા.૯ જૂન, ૨૦૧૭ ના રોજ હોટલ વેસ્ટ ઈન મુકામે યોજાયેલ ગ્લોબલ લોહાણા યુવા મીટને અભૂતપૂર્વ સફળતા સાંપડી. જાન્યુઆરી, ૨૦૧૭ માં રમતગમત સમિતિ દ્વારા માતૃશ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણી પરિવાર દ્વારા પ્રોત્સાહિત રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટ સૌજન્ય દાતાશ્રીઓના સાથ સહકારથી અત્યંત સફળતાપૂર્વક યોજાઈ જેમાં દેશભરમાંથી આવેલ યુવા ટીમોએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬ માં પ્રેસ અને મિડિયા સાથે જોડાયેલા મિત્રોનો પરિસંવાદ તથા અન્ય સ્થાયી સમિતિઓ વાત્સલ્ય સમિતિ, યાત્રા પ્રવાસન સમિતિ, આરોગ્ય સમિતિની મીટિંગોનું પણ આયોજન માતૃસંસ્થાના કાર્યાલય પર થયું.

સમાધાન સમિતિ દ્વારા પણ સંસ્થાઓ તથા મહાજનો અને અન્ય કોઈ પણ પ્રકારની તકરારોના નિવારણ માટે સંનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સામાજિક સુરક્ષા સમિતિ દ્વારા જરૂરિયાતમંદ પરિવારો માટે પરિવારોની કમાતી વ્યક્તિનું આકસ્મિક અવસાન થાય તો તેવા કિસ્સાઓમાં પરિવારને ચોક્કસ રકમ પ્રાપ્ત થાય તે માટે શ્રી લોહાણા મહાપરિષદ અને સ્થાનિક મહાજનના સંયુક્ત પ્રયાસથી આવા પરિવારોને વીમા કવચથી આરક્ષિત કરવામાં આવી રહ્યા છે જે અંગેની યોજનાને કલકત્તા મુકામે યોજાયેલ ટ્રસ્ટ બોર્ડની મીટિંગમાં સૈધ્ધાંતિક મંજૂરી મળી છે. પ્રોફેશનલ સમિતિ દ્વારા પણ સમાજના વિવિધ પ્રોફેશનલ ઘટકને સાંકળવા માટે આર્થિક બાબતોની જાગૃતિ મળી રહે તે માટે દેશભરમાં વિવિધ વિસ્તારોમાં પરિસંવાદોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. થેલેસેમિયા સમિતિ દ્વારા રેડક્રોસ સોસાયટી અથવા તો અન્ય સંલગ્ન સંસ્થાઓ દ્વારા વિવિધ સ્થળોએ થેલેસેમિયા રક્ત પરીક્ષણના આયોજન કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત સરકારશ્રી સાથે સંકલન કરી થેલેસેમિયા મેજર બાળકોને દવાઓ વિનામૂલ્યે પ્રાપ્ત થાય અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની અતિ ખર્ચાળ સારવારને પણ ગુજરાત સરકાર અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી નજીવા દરે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ગત વર્ષે અમદાવાદ મુકામે થેલેસેમિયા બાળકોને સમર્પિત નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં થેલેસેમિક સોસાયટી ગુજરાત અને

થેલેસેમિયા મેજર બાળકો પણ ઉપસ્થિત રહ્યા હતા. કૌશલ્ય વિકાસ સમિતિ દ્વારા પણ વિવિધ વિસ્તારોમાં પરિસંવાદના આયોજનો થયા અને કૌશલ્ય વિકાસ કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યા.

શ્રી લોહાણા મહાપરિષદના આગામી આયોજનોમાં એસ. જી. હાઈવે અમદાવાદ ખાતે આવેલા ભાગવત વિદ્યાપીઠ, સોલા મુકામે ભાગવત વિદ્યાપીઠ અને રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે સંચાલન થનાર આરસીટી ભાગવત અતિથિ ભવનનું નવીનીકરણ, માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે ઓક્ટોબર માસમાં પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના સથવારે માતૃવંદના મહોત્સવ અને સામૂહિક માતૃતર્પણનો સાર્વજનિક કાર્યક્રમ તથા મુલુંડ મુંબઈ ખાતે નિર્વાસિત ગૃહ અને કન્યા શાળાની ઈમારતના નવીનીકરણ જેવા ભગીરથ કાર્યોનો સમાવેશ થાય છે. તા. ૯ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ કલકત્તા મુકામે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં આરસીટી ભાગવત અતિથિ ભવનના પ્રોજેક્ટ માટે મુખ્ય દાતા તરીકે રૂા. ૧,૫૧,૦૦,૦૦૦/- ની ધનરાશિની જાહેરાત શ્રી સતીષભાઈ વિઠલાણીએ કરતાં સૌના ઉત્સાહમાં અનેરો ઉમેરો થયો હતો. શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ બોર્ડના ચેરમેન શ્રી જનકભાઈ ઠક્કર અને સમગ્ર ટીમનું માતૃસંસ્થા દ્વારા અભિવાદન કરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવ્યા હતા. આ ઉપરાંત તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવમાં પ્રથમ દિવસના યજમાન તરીકે રૂા. ૧૧,૦૦,૦૦૦/- ની ધનરાશિની જાહેરાત માતૃશ્રી માણેકબાના નામે શ્રી સતીષભાઈ વિઠલાણી દ્વારા કરવામાં આવેલ.

માતૃસંસ્થાના મહિલા વિભાગ દ્વારા પણ વર્ષ ૨૦૧૬ માં કચ્છ - ભૂજ તેમજ નાગપુર એમ બે સ્થળે મહિલા સંમેલનના આયોજન થયા અને વર્તમાન ટીમની બે વર્ષની સેવાયજ્ઞની આ સફરને પ્રતિકાત્મકરૂપે યાદગાર બનાવવા માતૃશક્તિપીઠ અંબાજી ખાતે તા. ૧ અને ૨ જુલાઈ, ૨૦૧૭ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદની મહિલા કાર્યકારિણી બેઠકનું આયોજન સુશ્રી અલકાબેન પ્રવિણભાઈ કોટકના યજમાન પદે મહિલા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ સુશ્રી ડૉ. નિમાબેન આચાર્યના માર્ગદર્શન હેઠળ સંપન્ન થઈ. દેશના તમામ ૭ વિભાગોમાંથી મહિલા પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી આ સંમેલનને અદ્વિતીય સફળતા પૂરી પાડી. માતૃશક્તિના સાનિધ્યમાં મહિલા વિભાગ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓ અને મહિલા સશક્તિકરણ માટે પ્રસ્તાવિત વિવિધ આયોજનો અંગે ચર્ચા વિચારણા કરાઈ.

શ્રી લોહાણા મહાપરિષદની સેવાની આ યાત્રા સતત રહે તે માટે દાતાશ્રીઓનો જે અભૂતપૂર્વ સહકાર મળતો રહ્યો છે તે જ રીતે જો ભવિષ્યમાં પણ આપણને સૌને આપણા સૌના સહિયારા પ્રયાસથી આ સહકાર મળતો રહે અને માતૃસંસ્થાની આખી ટીમ સતત ગતિશીલ રહે તો સમાજના જરૂરિયાતમંદ પરિવારોને વધુ વ્યાપક રીતે મદદરૂપ થવા વર્તમાન ટીમ કટિબદ્ધતા વ્યક્ત કરે છે

આપણા ધર્મ શાસ્ત્રો, ધનની, અર્થની ત્રણ ગતિ દર્શાવે છે, એ છે 'દાન, ભોગ અને નાશ. આ ત્રણેયમાં દાન એ ધનની શ્રેષ્ઠ ગતિ છે. दानम् हस्तस्य भूषणम् " એમ સંસ્કૃતમાં અમસ્તું નથી કહ્યું ! આપણા હાથનું સાચું આભૂષણ હાથ પર ધારણ કરેલ અલંકારો નથી પણ આપણા હાથે થતા દાન તથા અન્ય લોકહિતનાં કાર્યો છે. મેકડોનાલ્ડે પણ કહ્યું છે કે, "In giving, man receives more than he gives' મતલબ કે giving is receiving. દુનિયામાં લીધા કરતાં દીધાનો જ મહિમા છે. આપણે જે રઘુવંશી સમાજને નક્કર અર્થમાં ઘડવો હોય તો અર્થ વિના ચાલવાનું નથી અને તે માટે સમાજમાં લેનાર કરતાં દેનારની સંખ્યા ઝાઝી જરૂરત છે. જો કે આપણને એ વાતનું ગર્વ છે કે આપણા દરેક પ્રકલ્પોમાં જ્ઞાતિશ્રેષ્ઠીઓ એ ઉદાર દિલે દાન આપ્યું છે, પણ હવે પછીના આપણા અતિ મહત્ત્વના પ્રકલ્પો - કાર્યો માટે વધુ દિલદાર દાનવીરોના સહકારની અપેક્ષા છે અને અમને શ્રધ્ધા છે કે પૂરાય વિશ્વના જ્ઞાતિશ્રેષ્ઠીઓનો સકારાત્મક આર્થિક સહયોગ આપણને આ સારા કાર્યો કરવામાં પ્રાપ્ત થશે જ. સાથે સાથે અમો આપને ખાત્રી પણ આપીએ છીએ આપના દ્વારા અપાયેલ ઉદાર સખાવતની એક એક પાઈનો જ્ઞાતિ ઉત્કર્ષ માટે, જ્ઞાતિ હિતાર્થે જ ઉપયોગ થશે.

અંતમાં આપણે સહુ સમાજમાંથી જે કંઈ અર્જિત કરીએ તે એકલા ન ભોગવીએ પણ યથામતિ, યથાશક્તિ, જ્ઞાતિહિતાર્થે થોડું ત્યાગીને ભોગવીએ એ જ આપણા સૌ માટે પ્રેય અને શ્રેયનો માર્ગ બની રહે તેવી માનનીય પ્રવિણભાઈ અને તેમની ટીમના પૂરા થયેલા બે વર્ષના અંતે સૌને હાર્દિક શુભેચ્છા સહ વંદન....

**હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા**

**મંત્રીઓ**



# મહિલા સંમેલન - અંબાજી મહિલા કાર્યકારિણીની બેઠક

શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગની કાર્યકારિણી બેઠક / સંમેલન માતૃતીર્થ અંબાજી મુકામે ઈસ્કોન અંબે વેલી ખાતે સુશ્રી અલકાબેન પ્રવિણભાઈ કોટકના યજમાનપદે અત્યંત સફળતાપૂર્વક યોજાયું. રાષ્ટ્રીય અધ્યક્ષ સુશ્રી નિમાબેન આચાર્ય તથા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુશ્રી રશ્મિબેન એસ. વિઠલાણી અને તમામ હોદ્દેદારો અને સાથે જોડાયેલા સક્રિય મહિલા સભ્યો દેશભરમાંથી તા.૧ જુલાઈ, ૨૦૧૭ ના રોજ અનુકૂળતા મુજબ અંબાજી પહોંચ્યા હતા. સાંજે મા અંબાજીના શક્તિપીઠ ખાતે દર્શનનો સુંદર લાભ લીધો હતો. રાત્રિ ભોજન બાદ તમામ સભ્યો એકબીજાની નજીક આવે અને આત્મીયતા કેળવાય તે હેતુથી મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨ જુલાઈ, ૨૧૦૭ ને રવિવારના રોજ અલ્પાહાર તથા રજીસ્ટ્રેશન બાદ સવારે ૧૦.૦૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીત ગાનથી લગભગ ૨૦૦ જેટલા મહિલા સભ્યોની ઉપસ્થિતિમાં મીટીંગની શરૂઆત થઈ. રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. નિમાબેન આચાર્યએ આવા વરસાદી વાતાવરણમાં પણ માતૃસંસ્થાની સેવામાં દેશભરમાંથી ઉપસ્થિત રહેલા બહેનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી સૌને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી નિમાબેને છેલ્લા દોઢ વર્ષમાં મહિલા વિભાગ દ્વારા થયેલી વિવિધ વિસ્તારોમાં પ્રવૃત્તિઓ અને કચ્છ તેમજ નાગપુર ખાતે યોજાયેલા બે મહિલા સંમેલનોને પણ યાદ કરી જે જે બહેનોએ ઉત્સાહથી અને સમર્પણ ભાવથી પોતાનું સમયદાન આપ્યું છે પોતાની લક્ષ્મીનો ઉપયોગ કર્યો છે તે તમામને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત શ્રી નિમાબેન આચાર્યએ મહિલા સભ્યોનું સંકલન સરળતાથી થઈ શકે તે માટે દરેક વિભાગના મહિલા અધ્યક્ષાઓને દરેક વિભાગમાંથી અલગ અલગ ઝોન બનાવી ઝોન પ્રમુખની નિમણૂક કરવા તથા આ રીતે નિમાયેલા ઝોન પ્રમુખ પોતાના ઝોનમાંથી અંદાજે ૫૦ જેટલા સભ્યોની મહિલા ટીમ દરેક ઝોન પ્રમુખ બનાવે તો સરળતાથી કાર્ય થઈ શકશે.

સુશ્રી નિમાબેન આચાર્યએ આ તબક્કે વડોદરાથી ખાસ પધારેલા સુશ્રી જયાબેન ઠક્કરની રાષ્ટ્રીય સંકલક તરીકે, રાજકોટથી પધારેલા સુશ્રી રીટાબેન જોબનપુત્રાની મહિલા વિભાગના રાષ્ટ્રીય મંત્રી તરીકે, રાજકોટના સુશ્રી શિલ્પાબેન પૂજારાની સૌરાષ્ટ્ર વિભાગના મહિલા અધ્યક્ષ તરીકેની તેમજ ધરમપુર, વલસાડથી પધારેલા સુશ્રી પ્રજ્ઞાબેન રાજાની ગુજરાત વિભાગના મહિલા અધ્યક્ષ તરીકેની નિમણૂક જાહેર કરી હતી જેને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. મહિલા વિભાગનું સુંદર રીતે સુસંકલન થઈ શકે તે માટે તમામ વિભાગના મહિલા અધ્યક્ષાઓને પોતાના વિભાગ અંતર્ગતના વિસ્તારને અનુકૂળતા મુજબના ઝોનમાં વિભાજીત કરી ઝોન પ્રમુખની નિમણૂક કરવા નિર્દેશ કરાયો હતો. આ રીતે નિયત થયેલા દરેક ઝોનના મહિલા પ્રમુખ પોતાનું કાર્યવહન કરવા માટે તમામ ઝોનની ૨૫ થી ૩૦ સભ્યોની મહિલા ટીમ બનાવી મહિલા વિભાગના રાષ્ટ્રીય હોદ્દેદારોને અને મધ્યસ્થ કાર્યાલય ઉપર જાણ કરવા પણ સુશ્રી નિમાબેન આચાર્ય દ્વારા નિર્દેશ કરાયો હતો.



અત્રે ગુજરાત વિભાગના મધ્ય ગુજરાત ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી ધીરજબેન મહેશભાઈ નાગ્રેચા, ઉત્તર ગુજરાત ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી ચંદ્રિકાબેન નવીનભાઈ ઠક્કર, દક્ષિણ ગુજરાત ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી કલ્પનાબેન લક્ષ્મીકાંત ઠક્કર અને અમદાવાદ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી કામીનીબેન ઠક્કરની નિમણૂંક જાહેર કરાઈ હતી. એ જ રીતે સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી રત્નાબેન સેજપાલ તેમજ કચ્છ વિભાગમાંથી પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ ઝોનનું વિભાજન કરી પૂર્વ કચ્છ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી અનિતાબેન એસ. દક્ષિણીની નિમણૂંક જાહેર કરાઈ હતી.




મધ્યભારતમાં પૂર્વ વિદર્ભ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી શિલાબેન હિંડોચા, દક્ષિણ વિદર્ભ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી હિનાબેન પોપટ, છત્તીસગઢ ઝોનના પ્રમુખ તરીકે સુશ્રી ઉષાબેન સોનછાત્રા તથા મધ્ય ભારત ઝોનના પ્રમુખ સુશ્રી સોનાબેન જોબનપુત્રાની નિમણૂંક જાહેર કરાઈ હતી.

શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે માતૃસંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓથી સૌને વાકેફ કર્યા હતા અને આગામી ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાનાર માતૃવંદના મહોત્સવમાં મહિલાઓને વિશેષ જવાબદારી ઉપાડવા આહ્‌વાન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ અંગેનો વિગતવાર ચિતાર શ્રી




હિમાંશુભાઈએ રજૂ કર્યો હતો. મહિલા વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ સુશ્રી નિમાબેન આચાર્ય તેમજ સુશ્રી રશ્મિબેન વિઠલાણીએ સિધ્ધપુર મુકામે વિશાળ મહિલા સંમેલન, મહિલાઓ માટે વિશેષ પ્રદર્શની અને વેચાણ (એક્ઝિબિશન) તથા એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન માટે પણ રજૂઆત કરી હતી જેને સૌએ વધાવી લીધી હતી.



આ પ્રસંગે મધ્યભારત વિભાગના સુશ્રી શીલાબેન પોપટ, કચ્છ વિભાગના સુશ્રી સુશીલાબેન ઠક્કર, ગુજરાત વિભાગના સુશ્રી પ્રજ્ઞાબેન રાજા, દક્ષિણ ભારત વિભાગના સુશ્રી ધીરજબેન પોપટ, મહારાષ્ટ્ર વિભાગના સુશ્રી જ્યોતિબેન ઠક્કર, સૌરાષ્ટ્ર વિભાગના સુશ્રી શિલ્પાબેન પૂજારા, ઉત્તર પૂર્વ વિભાગમાંથી પધારેલા સુશ્રી વિભાબેન ઠક્કર તથા સુશ્રી ગીતાબેન ગઢિયા ઉપરાંત કોચીન, ચંદ્રપુર, બિલિમોરા, અમદાવાદ, પાટણ, ડીસા, રાયપુર, નાગપુર, અકોલા, અમરાવતી તથા અન્ય શહેરોમાંથી પધારેલા બહેનોએ પણ પોતાની શુભેચ્છાઓ અને સંવેદનાઓ વ્યક્ત કરી હતી. અમરાવતીથી પધારેલા સુશ્રી નેહાબેન રાજાએ પૌષ્ટિક રસોઈ, બાળકોને અપાતા ટીફીનમાં અપાતી વાનગીઓ ટેબલ એટીકેટ જેવા વિષયો ઉપર સુંદર ઓડિયો - વિઝ્યુઅલ રજુઆત કરી હતી અને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન ટીમને બે વર્ષ પૂર્ણ થતા હોઈ માતૃસંસ્થાના માધ્યમથી સમગ્ર રઘુવંશી સમાજમાં આવેલી જાગૃતિ અને થયેલા સેવાકાર્યો બદલ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક તથા આખી ટીમનું રઘુવંશી પરિવાર રાજકોટ, ટ્રસ્ટી સુશ્રી વિણાબેન પાંધી, સુશ્રી ઈન્દિરાબેન શીંગાળા તથા અન્ય શ્રેષ્ઠીઓ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુશ્રી નિમાબેન આચાર્યએ પણ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ અને સમગ્ર ટીમનું કચ્છી પાઘથી વિશેષ સન્માન કર્યું હતું. મહિલા સંમેલનને સફળ બનાવવા દૂર દૂર થી પરિવારને મુકીને એકલા અંબાજી પધારવા બદલ શ્રી પ્રવિણભાઈ કોટકે આ તમામ મહિલાઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા અને પોતાની નાદરસ્ત તબિયત હોવા છતાં પણ આ મહિલાઓનો પ્રેમ જ તેમને અહીં સુધી ખેંચી





























લાવ્યો છે તેમ જણાવ્યું હતું. ઈસ્કોન અંબે વેલીને હોટલ નહીં પણ પોતાનું ઘર સમજીને પધારવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું. આવા ભારે વરસાદી મોસમમાં પણ ૨૦૦ જેટલી મહિલાઓની અને દરેક વિભાગમાંથી હાજરી જોઈ શ્રી પ્રવિણભાઈ કોટકે નિમાબેન આચાર્ય અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

અમદાવાદમાંથી સુશ્રી કામીનીબેન ઠક્કર અને ગાંધીધામથી સુશ્રી અનિતાબેન ઠક્કર તેમજ સૌરાષ્ટ્રમાંથી સુશ્રી વિણાબેન પાંધી, સુશ્રી કાશ્મીરાબેન નથવાણી તથા સુશ્રી શિલ્પાબેન પૂજારાએ સુંદર સંકલન કરી બસ દ્વારા સક્રિય મહિલા સભ્યોને અંબાજી પ્રોગ્રામમાં સંમિલિત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે સુશ્રી અલકાબેન કોટકે આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે "મને આ સંમેલનના સૌજન્ય બનવાની જે તક મળી તે બદલ હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું." મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સુશ્રી અલકાબેન કોટકે જેમણે જેમણે પોતાનો સાથ સહકાર આપ્યો છે તે તમામ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્તિ કરી હતી.



## જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...


### હાર્દિક શુભેચ્છા સહ




ISCON BUILDING THE FUTURE

તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર
પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ
જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ


### હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)


### હાર્દિક શુભેચ્છા સહ

સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર
ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ
૯૮૨૪૦૬૬૩૭૫

THE FERN HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

Nitin Raichura
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Gurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES
Domestic & International Air Tickets
World Wide Hotel Booking
Car & Bus on Rent
Passport, Visa & Travel Insurance Assistance
Rail & Bus Tickets
Domestic & International Tour Packages

Address UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



ધવલ આચાર્ય
Managing Director ROYAL GROUP
યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ
કન્વીનર કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ
Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403




### હાર્દિક શુભેચ્છા સહ

શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી
પરિવાર, કોલકાતા

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...


હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax 0281-2482185 / 86 - 3290613
Mobile 93773 56824 To 26
E-mail jalaram.transport@yahoo.com
E-mail jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com

**Expert Educate Pvt. Ltd.**
Career Counseling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Organ Donor's Foundation

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી પ્રવીણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

**હાર્દિક શુભેચ્છા સહ**
શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE
+91 94284 17965
**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court
406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60
E-mail : shyamalbhimani.adv@gmail.com






**HARSH CLEAN DHAN PVT. LTD.**
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી દિનેશભાઈ મારફતિયા**
**પરિવાર, જામનગર**

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors
Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

**કે. સી. ઠક્કર - ગાંધીધામ**
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ભરતભાઈ કોટક**
**અધ્યક્ષ, સ્થાયી સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ધર્મેશભાઈ હરિયાણી**
**અધ્યક્ષ, શિક્ષણ સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી પિયુષભાઈ ગંઠા**
**મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી નિલેષભાઈ કોટક**
**પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના**

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

# જાહેર આમંત્રણ

## શ્રી લોહાણા મહાપરિષદ



### રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ
### આયોજિત

# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ
# સામૂહિક માતૃતર્પણ





**માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)**

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

## કાર્યક્રમની રૂપરેખા

**પ્રારંભ**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**શોભાયાત્રા**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**સામૂહિક માતૃતર્પણ તથા આનુષ્ઠાનિક ૧૦૮ કુંડી યજ્ઞ**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર, કારતક સુદ બારસ

**સમાપન**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર , કારતક સુદ બારસ

- રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંતો, મહંતોની ઉપસ્થિતિમાં દરરોજ ચાર કલાક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન
- વિશેષ રૂપે નિર્મિત માતૃમંદિરમાં ઋષિકુમારો / બ્રહ્મદેવો દ્વારા પોથીપૂજન તથા દરરોજ સાંજે માતૃસંસ્થાના મંચ ઉપર વિવિધ સાંસ્કૃતિક / સામાજિક / ધાર્મિક કાર્યક્રમોનું આયોજન.
- રૂા. ૧૧,૦૦૦/- ના અનુદાન થકી કોઈ પણ સભ્ય (સર્વજ્ઞાતિય) પોતાની માતાના નામે નામ નોંધાવી માતૃતર્પણ માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. રજિસ્ટ્રેશન સાથે આપની માતાનો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો તથા ફોર્મમાં જણાવેલ જરૂરી વિગત આપવી અનિવાર્ય છે.

**બેંકની વિગત**

આપના અનુદાનનો ચેક "આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ"ના નામનો લખવો. બેંકનું નામ : કોટક મહિન્દ્રા બેંક
★ ખાતાનું નામ : આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ ★ ખાતા નંબર : 0512439640 ★ આઈએફએસ કોડ : KKRK0002582

**આપના સતત સાથ સહકાર અને આશીર્વાદની અપેક્ષા સહ....**

| | | | |
|---|---|---|---|
| હિંમત કે. કોટક | યોગેશ એસ. લાખાણી -ગવર્નર | પ્રવિણ ટી. કોટક - પ્રમુખ | હિમાંશુ બી. ઠક્કર |
| નીતીન જી. પાંધી | પરેશ પી. ભૂપતાણી | ઉમંગ એચ. ઠક્કર | પિયુષ જી. ગંઠા |
| ખજાનચીઓ | વાઈસ ગવર્નર | વરિષ્ઠ ઉપપ્રમુખ | મંત્રીઓ |

**મધ્યસ્થ કાર્યાલય :** ઈસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઈસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-380059.

**Help Line : (079) 4009 1005, 9909999309**

# હોદ્દેદારોની સિધ્ધપુર મુલાકાત



- આર.સી.ટી. શ્રીમદ્ ભાગવત કથા સમિતિ

શ્રીલોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના હોદ્દેદારો, ઉત્તર ગુજરાતના સમાજશ્રેષ્ઠીઓએ આગામી શ્રીમદ્ ભાગવત્ જ્ઞાનયજ્ઞ અને માતૃવંદના મહોત્સવની તૈયારીના ભાગરૂપે સિધ્ધપુર ક્ષેત્રની પ્રાથમિક મુલાકાત તા. ૩ જુલાઈ, ૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે લીધી. પૂ. ભાણસાહેબ સમાધિસ્થાન, કમીજલાના મહંત પૂ. જાનકીદાસજીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે આ ભવ્યાતિભવ્ય આયોજનની તૈયારી માટે થયેલી પ્રાથમિક ચર્ચાઓથી ઉપસ્થિત સૌ સભ્યોને માહિતગાર કરી કથામંડપ, ઉતારાની વ્યવસ્થા, સંત નિવાસ, ભોજન-પ્રસાદ ક્ષેત્ર તથા અન્ય વ્યવસ્થા અંગે સુચિત સ્થળની વિકલ્પોની મુલાકાત લઈ સૌનું માર્ગદર્શન મેળવ્યું હતું. ભારે વરસાદના દિવસો હોવા છતાં આ મુલાકાતને સિધ્ધપુર નગરપાલિકાના પ્રમુખ શ્રી અજીતભાઈ મારફતિયા, શ્રી નિરંજનભાઈ ઠાકર તથા અન્ય નગરસેવકોનો ઉત્સાહ અને સુંદર સાથ સહકાર સાંપડ્યો હતો. આ મુલાકાતમાં ભાભરથી શ્રી પોપટભાઈ અખાણી, રાધનપુરથી શ્રી રઘુરામભાઈ ઠક્કર, શ્રી જયેશભાઈ ઠક્કર, રાજકોટથી શ્રી હસુભાઈ ભગદેવ, શ્રી યોગેશભાઈ પૂજારા, શ્રી અજયભાઈ ઠક્કર, પાલનપુરથી શ્રી ધીરુભાઈ પી. પૂજારા, પાટણથી શ્રી લાલેશભાઈ ઠક્કર, શ્રી રાજુભાઈ ઠક્કર, શ્રી કમલેશભાઈ ઠક્કર, શ્રી મહેશભાઈ ઠક્કર, શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી કે.વી. ઠક્કર, શ્રી ચેતનભાઈ ઠક્કર, ડીસાથી સુરેશભાઈ ઠક્કર, બાબુલાલ ઠક્કર, રજનીભાઈ ઠક્કર તથા અમદાવાદથી સુશ્રી અલકાબેન પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિમંતભાઈ કોટક, સહમંત્રી શ્રી અજયભાઈ મુળજીભાઈ ઠક્કર, ઉપસ્થિત રહ્યા હતા. લગભગ બપોરે ૩.૦૦ વાગે ભોજન-પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા. આ મુલાકાત માટે સ્થાનિક વ્યવસ્થા અંગેનું સંકલન બહુચરાજીથી શ્રી નરેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવેલ.



# ગ્લોબલ લોહાણા યુવા મીટ - મુંબઈ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ જ ઉત્સાહી, દીર્ઘદ્રષ્ટા અને "ગ્લોબલ લોહાણા યુવા મીટ - ૨૦૧૭"નાં પ્રેરણાસ્તોત્ર એવા શ્રી લોહાણા મહાપરિષદનાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના બહુમૂલ્ય માર્ગદર્શન હેઠળ તેમજ લગ્નવિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડાના પ્રોત્સાહક પીઠબળ દ્વારા તા. ૧૦/૧૧ જૂન, ૨૦૧૭ના રોજ હોટલ વેસ્ટીન, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ ખાતે ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર (નાસીક), વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા (નાગપુર) વગેરે વરિષ્ઠ હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમનો કિંમતી સમય ફાળવી સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન સતત શ્રી ઉમંગભાઈ ઠક્કરને પ્રોત્સાહિત કર્યા હતા.

આ ઉપરાંત મુંબઈના જ્ઞાતિશ્રેષ્ઠીશ્રીઓ, શ્રી સમીરભાઈ સોમૈયા (સોમૈયા ગ્રુપ), શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી યુવરાજ ઠક્કર, શ્રી ભરતભાઈ વસાણી, શ્રી અમરીષભાઈ સોઢા, શ્રી નરેન્દ્રભાઈ ગોકાણી, શ્રી વિનોદભાઈ ભીમજીયાણી વગેરે મહાનુભાવોએ હાજર રહી સૌને પ્રોત્સાહકબળ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત લગ્નવિષયક સમિતિના ઉપાધ્યક્ષ શ્રી કિરીટભાઈ વિઠલાણીએ પણ ખૂબ જ ઉપયોગી સહકાર આપ્યો હતો.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત કરતા રઘુવંશી ધ્વજવંદન ગીતથી સમગ્ર લોહાણા સમાજને સન્માનિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ દીપપ્રાગટ્ય દ્વારા બે દિવસીય "ગ્લોબલ લોહાણા યુવા મીટ - ૨૦૧૭"નો શુભારંભ કરવામાં આવ્યો હતો. જ્ઞાતિશ્રેષ્ઠીઓના આશીર્વાદ મેળવતા પહેલાં કન્વીનરશ્રી તથા વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર દ્વારા સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓ તથા લગ્નોત્સુક ઉમેદવારો તેમજ તેમનાં પરિવારજનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ખૂબ જ ઉત્સાહી યુવા પ્રતિભા તેમજ સહ કન્વીનર શ્રી ચિંતન વસાણી દ્વારા માર્ચ-૨૦૧૬માં અમદાવાદ ખાતે આયોજીત પ્રથમ યુવા મીટનાં સંસ્મરણો તાજા કરતા તેમના એક વર્ષ દરમ્યાન થયેલા અનુભવો ખૂબ જ ખુશાલી સાથે વર્ણવ્યા હતા.

ત્યારબાદ મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા માતૃસંસ્થાની વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા અને આ સમગ્ર કાર્યક્રમના વિચારને અમલમાં મૂકી સફળ બનાવવા સુધી સતત સક્રિય રહીને જહેમત ઉઠાવનાર શ્રી ઉમંગભાઈ ઠક્કરને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી શુભકામનાઓ પાઠવી હતી.

ગ્લોબલ લોહાણા યુવા મીટનાં સ્વપ્નદૃષ્ટા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા આપણા સમાજના સુખી-સમૃદ્ધ પરિવારો તેમજ તેમના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ સંતાનો માટે જીવનસાથી પસંદ કરવા તેમના જ સમકક્ષ પરિવારો સાથે પરિચય કેળવવા તેમજ તેમને પસંદ પડે તેવા વાતાવરણમાં કાર્યક્રમ આયોજીત કરવાનો ધ્યેય સૌ સમક્ષ રજૂ કર્યો હતો અને અમદાવાદ ખાતે માર્ચ-૧૬માં આયોજીત પ્રથમ યુવામીટ બાદ મળેલ. પ્રોત્સાહક પ્રતિભાવોથી પ્રેરાઈને આ આયોજન કરવા મળેલ તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓના સાથ-સહકાર અને પ્રોત્સાહન બદલ હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ઉપસ્થિત જ્ઞાતિશ્રેષ્ઠીઓ શ્રી સમીરભાઈ સોમૈયા, શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી યુવરાજ ઠક્કર વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સમગ્ર કાર્યક્રમના પ્રણેતા શ્રી ઉમંગભાઈ ઠક્કરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

મંત્રીશ્રી પિયૂષભાઈ ગંઠા દ્વારા ગ્લોબલ લોહાણા યુવા મીટ - ૨૦૧૭ને સફળ બનાવવા માટે સૌ પ્રથમ તેમાં ભાગ લેનાર દરેક ઉમેદવારો તથા તેમના વાલીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો તેમજ કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહેલ તમામ જ્ઞાતિશ્રેષ્ઠીઓનો પણ ખૂબ ખૂબ આભાર વ્યકત કર્યો હતો.

ત્યારબાદ અમદાવાદનાં સુપ્રસિદ્ધ સંચાલક દિવ્યા ઠક્કર અને રોમીલ મહેતા દ્વારા સમગ્ર કાર્યક્રમને આગળ વધારવા ખૂબ જ ઉમદા શૈલીમાં ઉમેદવારોના પરિચયનો દોર શરૂ કરવામાં આવ્યો હતો. ઉમેદવારોના પરિચય બાદ સ્વરુચિ ભોજન માટે વિરામ આપવામાં આવ્યો હતો.

ભોજન વિરામ બાદ તમામ ઉમેદવારો વાલીઓ તથા જ્ઞાતિશ્રેષ્ઠીઓનાં ખૂબ જ સુંદર સાથ-સહકારથી કાર્યક્રમને આગળ વધારતા વિવિધ ઈવેન્ટ દ્વારા










દરેક ઉમેદવારોનો ઈન્વોલ્વમેન્ટ વધે અને દિકરા-દિકરીઓ તેમજ તેમના પરિવારો એકબીજાથી પરિચિત થાય તે રીતે ખૂબ જ સુંદર શૈલીમાં દિવ્યા ઠક્કર તથા રોમીત મહેતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. સાંજના સમયે સંદિપ વસાણી દ્વારા સ્ટેન્ડીંગ કમીટી દ્વારા સૌને હાસ્યરસથી તરબોળ કરી દીધા હતા ત્યારબાદ વાલીઓ પણ કાર્યક્રમને ઉત્સાહથી માણે તે માટે સુંદર સપ્તપદી નેજાનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રથમ દિવસે એટલે કે તા.૧૦-૬-૨૦૧૭ના દિવસે પૂર્ણતા તરફ લઈ જતા ખૂબ જ આહલાદક લાઈટીંગ તેમજ મ્યુઝીક સાથે ડી.જે. પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ રાત્રી ભોજન લઈને પરિવારોએ ખૂબ જ ઉત્કૃષ્ટ વ્યવસ્થાનો લાભ લેતા પારિવારિક મીટીંગોનો દોર શરૂ કરી દીધો હતો અને મોડી રાત સુધી કૌટુંબિક પરિચય કેળવી ફાળવેલ રૂમોમાં આરામ ફરમાવ્યો હતો.

તા.૧૧-૬-૨૦૧૭ને રવિવારે સવારના વેસ્ટીન હોટલ દ્વારા કરવામાં આવેલ કોન્ટીનેન્ટલ નાસ્તોનો સ્વાદ માણી સવારે ૧૦ કલાકે તમામ પરિવારો કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત થઈ ગયા હતા. પ્રારંભિક વાતાવરણને સંચાલકો દ્વારા ખૂબ જ સુંદર રીતે પ્રાસંગિક બનાવ્યા બાદ સુપ્રસિદ્ધ લેખક, વક્તા શ્રી જય વસાવડા દ્વારા જીવનસાથી પસંદગી માટે શું કરવુ અને શું ન કરવું અથવા તો શું જતું કરવું વગેરે બાબતો ઉપર ખૂબ જ રસપ્રદ રીતે વક્તવ્ય આપ્યું હતું. ઉપરાંત કૌટુંબિક બાબતોની પણ સુંદર છણાવટ કરી હતી.

વિવિધ શૈલીમાં ઉમેદવારોને ખૂબ જ હળવા વાતાવરણમાં રાખનાર બન્ને સંચાલકો દ્વારા ખૂબ જ સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વરિષ્ઠ ઉપપ્રમુખ તેમજ પ્રણેતા શ્રી ઉમંગભાઈ ઠક્કર, વિભાગીય ઉપપ્રમુખ તેમજ કન્વીનર શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી જનકભાઈ ઠક્કર, સહ કન્વીનર શ્રી ચિંતન વસાણી, અંજળ અને અવસરની સમગ્ર ટીમના સભ્યો શ્રી અમરીષભાઈ સોઢા, શ્રી જયેન્દ્રભાઈ સોઢા, શ્રી નરેન્દ્રભાઈ ગોકાણી, શ્રી વિનોદભાઈ ભીમજીયાણી વગેરે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

આ ઉપરાંત શ્રી કિરીટભાઈ વિઠલાણી, શ્રી રાજેશભાઈ ઠક્કર વગેરેએ પણ ખૂબ જ ઉત્કૃષ્ટ પ્રોત્સાહક બળ પૂરું પાડી મદદરૂપ થયા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુંબઈના પ્રતિષ્ઠિત બી.પી. હેલ્થવાળા સુશ્રી પદ્મીનીબેન ઠક્કર તેમજ યુવરાજ ઠક્કર પરિવાર તરફથી ખૂબ જ સારો આર્થિક સહયોગ સાંપડ્યો હતો. તેમજ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર (નાસીક), શ્રી જનકભાઈ ઠક્કર (મુંબઈ), શ્રી અમુભાઈ રૂખાના (બેંગલોર), શ્રી જયેશભાઈ ઠક્કર (બેંગલોર), શ્રી દિપકભાઈ વાઘાણી (મુંબઈ) વગેરે દ્વારા પણ આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

**- હર્ષદ કારીયા, અમદાવાદ**









# વિભાગીય સમાચાર

## વિદર્ભ સહ મધ્યભારત




તારીખ ૧૭-૬-૧૭ શ્રી લોહાણા મહાપરિષદના વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભુપતાણીની અધ્યક્ષતામાં આકોલા મુકામે વિદર્ભ સહ મધ્યભારતના વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા, સચિવ શ્રી કમલેશભાઈ વસાણી, નિલેશભાઈ ગઢિયા (નાગપુર), ચંદ્રકાંતભાઈ પોપટ (અમરાવતી), જયપ્રકાશભાઈ વસાણી (નાગપુર), નંદકિશોરભાઈ દ્રોણ (આકોલા), શ્રીમતી શિલાબેન પોપટ (અમરાવતી), શ્રીમતી શીલાબેન ભૂપતાણી (અમદાવાદ), શ્રીમતી સોનલબેન ઠક્કર (આકોલા), શ્રી માનવભાઈ બુદ્ધદેવ અને શ્રી ગોવિંદભાઈ સોઢા (આકોલ)ની ઉપસ્થિતિમાં પર્યાવરણ સમિતિ દ્વારા શ્રી જલારામ મંદિર આકોલામાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રાએ શ્રી નરેન્દ્રભાઈ દાવડા તથા વિદર્ભ સહ મધ્યભારત વિભાગની ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

---








શ્રી લોહાણા મહાપરિષદના વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા આકોલા મહાજન સાથે સભામાં શ્રી લોહાણા મહાપરિષદના વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભુપતાણી તથા શ્રીમતી શીલાબેન ભુપતાણીની પ્રમુખ ઉપસ્થિતિમાં વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્ર દાવડાની અધ્યક્ષતામાં સભાનું આયોજન થયેલ. આ સભામાં શ્રી પરેશભાઈ ભુપતાણી દ્વારા માતૃસંસ્થાના ઈતિહાસની જાણકારી આપવામાં આવેલ. વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્ર દાવડા દ્વારા મહાપરિષદની યોજનાઓ શિક્ષણ, આરોગ્ય, માતૃસંસ્થા દ્વારા અપાતા એવોર્ડ તથા સિધ્ધપુર ખાતે આયોજિત ભાગવત કથાની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ. સભામાં જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, વિભાગીય યુવા સમિતિના શ્રી નિલેશભાઈ ગઢીયા, વિભાગીય મહિલા પ્રમુખ સુશ્રી શીલાબેન પોપટ, રઘુકુળ વિશ્વના વિભાગીય સંકલક શ્રી જયપ્રકાશભાઈ વસાણી, સામાજિક સુરક્ષાના સંયોજક સુશ્રી સોનલબેન ઠક્કર, શ્રી માનવભાઈ બુધ્ધદેવ, આકોલા મહાજનના શ્રી રાજુભાઈ સોઢા, શ્રી દિલીપભાઈ ખીરૈયા, શ્રી ગોવિંદભાઈ સોઢા, શ્રી હરિશભાઈ લાખાણી, શ્રી અરવિંદભાઈ કક્કડ, શ્રીમતી શીતલબેન રૂપારેલ, શ્રીમતી કુંદનબેન ચોલેરા, શ્રીમતી રેખાબેન ઉનડકટ, શ્રીમતી ડોલીબેન કારીયા ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી તથા આભાર પ્રદર્શન યાત્રા પ્રવાસન સમિતિના વિભાગીય સંયોજક શ્રી નંદકિશોરભાઈ દ્રોણ દ્વારા કરવામાં આવ્યું હતું.

**સંકલન : કમલેશ વસાણી**



# પર્યાવરણ સમિતિ



તા.૧૧-૯-૧૭ ના રોજ અમદાવાદના જીવનધારા વૃદ્ધાશ્રમમાં પોતાનાઓજ થી તરછોડાયેલા વડીલો કાજે સ્વર સુરાવલી મ્યુઝીકલ ગ્રુપ દ્વારા સંગીત સંધ્યાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. આ મ્યુઝીક ગ્રુપના ચુનંદા કલાકારોએ જુના નવા ફિલ્મ ગીતોની એવી એ કે અલખ જગાવી કે આ વૃદ્ધાશ્રમમાં વસતા સ્વજનો ઘડીક પોતાનું દુઃખ ભૂલી ઝૂમી ઉઠ્યા હતા. આ પ્રસંગે પર્યાવરણ સમિતિના અધ્યક્ષ કિરીટભાઈ ભીમાણી, નિલેશ ઠક્કર, શ્રીમતી મીનાબેન ઠક્કરે ખાસ ઉપસ્થિત રહી વૃદ્ધાશ્રમના પટાંગણમાં વૃક્ષારોપણ વડીલોના હાથે કરાવ્યું હતું ને તેઓની સાથે ખાસ સમય વિતાવ્યો હતો.



શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ તથા ભારત વિકાસ પરિષદ - શ્રી ગુણવંતભાઈ ઠક્કર પરિવારના સંયુક્ત ઉપક્રમે હારીજ (ઉત્તર ગુજરાત) ખાતે વૃક્ષારોપણનો તા. ૨૩-૯-૧૭ના રોજ ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવેલ તથા વૃક્ષરોપનું વિતરણ પણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી ગુણવંતભાઈ ઠક્કર, શ્રી વિજયભાઈ ઠક્કર, શ્રી ગણપતભાઈ ઠક્કર, શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી ફરસુભાઈ ઠક્કર, શ્રી ભૂપતભાઈ ચૌહાણ, શ્રી જગદીશભાઈ ઠાકર, શ્રી જીતુભાઈ ગઢવી, શ્રી રમેશજી ઠાકોર, શ્રી દીનુભાઈ દરબાર, શ્રી નિલેશભાઈ ઠક્કર, શ્રી કિશોર ઠક્કર, શ્રી રાજેન્દ્ર અખાણી, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી પ્રફુલભાઈ ઠક્કર તથા વિવિધ આગેવાનો તથા પર્યાવરણ પ્રેમી મિત્રો, મિડિયાના મિત્રો વગેરે હાજર રહેલ. શ્રી કિરીટભાઈ ભીમાણીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં પર્યાવરણ સમિતિની છેલ્લા દોઢ વર્ષમાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરેલ અને સૌને પર્યાવરણ સમિતિનાં "વૃક્ષો વાવો... ધરતી બચાવો - ૨૦૧૭" અભિયાન તથા "પાણી બચાવો જીવન બચાવો - ૨૦૧૭" અભિયાનમાં જોડાવા માટે અનુરોધ કરેલ. શ્રી ગુણવંતભાઈ, શ્રી વિજયભાઈ પરિવારે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવા બદલ શ્રી લોહાણા મહાપરિષદ વતી તેમનો ખેસ પહેરાવી કિરીટભાઈ ભીમાણીએ સ્વાગત કરેલ અને સૌ પર્યાવરણ પ્રેમીઓને આ પ્રસંગે જોડાવા આભાર માન્યો હતો. પર્યાવરણ સમિતિની ઉત્તર ગુજરાત ટીમનો તથા ભારત વિકાસ પરિષદના મિત્રોનો પણ પર્યાવરણ બચાવવાના આ કાર્યક્રમમાં જોડાવવા માટે અને આહવાન કરેલ વિવિધ લોકોને જોડાવવા માટે પણ અનુરોધ કરેલ.

તા.૨૪-૯-૧૭ના રોજ વરાણા મધ્યે આવેલ પીઠવા પરિવાર (પંચાલ) સમાજના આસ્થાનું કેન્દ્ર "શ્રી હિરાદાદા"ની પાવન ધરા પર વૃક્ષારોપણનો કાર્યક્રમ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ, પીઠવા પરિવાર તથા ભારત વિકાસ પરિષદ - હારીજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરેલ. સર્વ સજીવન સૃષ્ટિની માઁ પ્રકૃતિ છે, આજે વિકાસની હરણફાળ મા પ્રકૃતિ દ્વારા નિર્મિત વૃક્ષોનો વિનાશ થયેલ છે અને તેના લીધે ઉદ્‌ભવેલી અકલ્પનીય સમસ્યાઓનો સામનો દરેક સજીવ સૃષ્ટિ કરી રહેલ છે ત્યારે વધુમાં વધુ વૃક્ષો વાવી અને પર્યાવરણનું જતન કરવાના શુભ આશયથી વૃક્ષારોપણના મહાયજ્ઞનું આયોજન કરેલ, જેમાં ૪૦૦ થી વધુ વૃક્ષો શ્રી હિરાદાદાની જગ્યામાં વાવવાનું આયોજન કરેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ કિરીટભાઈ ભીમાણી, નિલેશ ઠક્કર, રાધનપુરથી કલ્પેશભાઈ અખાણી, પ્રહલાદ તન્ના, લાલાભાઈ ઠક્કર, હારીજથી રાજુભાઈ અખાણી, ભરત ઠક્કર, કિશોર ઠક્કર, પ્રફુલભાઈ ઠક્કર, રાજુભાઈ મશીનરી તથા પીઠવા પરિવારમાંથી પ્રવિણભાઈ (ના.મામલતદાર) બાબુભાઈ, રાજુભાઈ પંચાલ, પ્રભુભાઈ, વિનુભાઈ, મફતલાલ પંચાલ તથા વરાણાના સરપંચ વરસંગજી તથા વરાણાના ગ્રામજનો હાજર રહેલ વિશેષમાં શાળાના ભૂલકાઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ ઉજવાયેલ.



તા.૫-૯-૧૭ના રોજ ધ્રાંગધ્રા ખાતે શ્રી અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના તથા પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પર્યાવરણ બચાવની એક સુંદર રેલીનું આયોજન કરવામાં આવેલ તથા વૃક્ષરોપ વિતરણ કરવામાં આવેલ. આ રેલીમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેનાના પ્રમુખ

શ્રી નિલેશભાઈ કોટક, કાશ્મીરાબેન નથવાણી, શ્રી મિતલભાઈ ખેતાણી, પર્યાવરણ સમિતિના શ્રી શૈલેષભાઈ ઠક્કર, નિલેશભાઈ ઠક્કર તથા ૨૦૦ થી વધારે સમાજના આગેવાનોએ ભાગ લીધેલ. શ્રી પ્રવિણભાઈ કોટકે પર્યાવરણ સમિતિના વિવિધ અભિયાનોને બિરદાવ્યા અને રઘુવંશીઓને પર્યાવરણના કામમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન આપેલ. શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ રઘુવંશી સમાજને પર્યાવરણના કાર્યો માટે દોડવાની અપીલ કરેલ. શ્રી કિરીટભાઈ ભીમાણી ઉપસ્થિત સૌને પર્યાવરણ સમિતિના કાર્યો વિષે માહિતગાર કરેલ અને પોતાના માટે અને આવનારી પેઢીઓ માટે વૃક્ષારોપણ કરવા માટે પ્રોત્સાહિત કરેલ.



વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ કચ્છ વિભાગ દ્વારા નખત્રાણા મધ્યે વૃક્ષારોપણ તથા વૃક્ષરોપ વિતરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૩-૬-૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા કચ્છ વિભાગના શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, અખિલ કચ્છ રઘુવંશી સોશીયલ ગ્રુપના પ્રમુખ શ્રી વસંતભાઈ કોડરાણી, ગુજરાત લોહાણા યુવાસમિતિના પ્રમુખશ્રી જયેશભાઈ સચદે, મહિલા પાંખ - શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ સુશીલાબેન રેલોન, યુવા પાંખ શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ અતુલભાઈ મજીઠીયા, શ્રી પી. ટી. ઠક્કર ઉપાધ્યક્ષ પર્યાવરણ સમિતિ ખાસ ઉપસ્થિત રહેલ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભરતભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી પર્યાવરણ સમિતિ, દિલીપભાઈ ઠક્કર, ઉપાધ્યક્ષ કચ્છ પર્યાવરણ સમિતિ તેમજ શ્રી રાજેશભાઈ પલાણ, પ્રમુખ શ્રી નખત્રાણા લોહાણા મહાજને આયોજન કરેલ. આ પ્રસંગે બહોળી સંખ્યામાં રઘુવંશીઓ હાજર રહેલ તેમજ નિઃશુલ્ક રોપા વન વિભાગના સૌજન્યથી વિતરણ કરવામાં આવેલ.





## પ્રોફેશનલ સમિતિ




### શ્રી લોહાણા મહાપરિષદ અને રાજકોટ લોહાણા મહાજનના સંયુક્ત ઉપક્રમે GST સેમિનાર યોજાયો

તા.૧-૭-૨૦૧૭થી ગુજરાત સહિત ભારતમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)નો અમલ થઈ રહ્યો છે ત્યારે રાજકોટના એન્જીનીયરીંગ એસો. હોલ ખાતે લોહાણા મહાપરિષદની પ્રોફેશનલ કમિટી અને રાજકોટ લોહાણા મહાજનના સંયુક્ત ઉપક્રમે જી.એસ.ટી. માર્ગદર્શન સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રઘુવંશી વેપારીઓ, કારખાનેદારો, પ્રોફેશનલ્સ વિગેરે બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર હોલમાં ક્યાંય પગ મૂકવાની જગ્યા ન હતી. સેમિનારમાં તજજ્ઞો-નિષ્ણાતો તરીકે અમદાવાદ અને રાજકોટના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અનુક્રમે નિલેષભાઈ સૂચક તથા શરદભાઈ અનડા હાજર રહ્યા હતા.

બંને તજજ્ઞોના વક્તબાદ હાજર રહેલ સૌ માટે પ્રશ્નોત્તરીનું આયોજન કરાયું હતું, જેમાં જ્ઞાતિજનો દ્વારા સેંકડો મુંઝવતા પ્રશ્નો પૂછાયા હતા જેના સંતોષકારક વિસ્તૃત, ઉંડાણપૂર્વક અને સચોટ જવાબો હાજર રહેલ તજજ્ઞો દ્વારા અપાયા હતા.

રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ કાશ્મીરાબેન નથવાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ સમાજોપયોગી સેમિનારમાં લોહાણા મહાપરિષદના સૌરાષ્ટ્ર વિભાગીય ઉપપ્રમુખ સુરેશભાઈ ચંદારાણા, મહાપરિષદના ટ્રસ્ટી વિણાબેન પાંધી, મહાજન ઉપપ્રમુખ રમેશભાઈ ધામેચા, મહાજન કારોબારી પ્રમુખ રાજુભાઈ પોબારૂ, મહાજનમંત્રી મિતલભાઈ ખેતાણી, મહાપરિષદ પ્રોફેશનલ કમિટીના નેશનલ ચેરમેન સી.એ. શિલ્પાંગભાઈ કારીયા, ડૉ. પરાગભાઈ દેવાણી, ડૉ. ભાવેશભાઈ સચદે, સી.એસ. ધર્મેન્દ્રભાઈ ગણાત્રા, મહાજનના સહમંત્રી રીટાબેન કોટક, સંજયભાઈ કક્કડ, રંજનબેન પોપટ, સુરેશભાઈ કાથરાણી, અશોકભાઈ ધામેચા, નિતિનભાઈ નથવાણી, જયેશભાઈ ધામેચા, ભાવેશભાઈ પાબારી, ધવલભાઈ ખખ્ખર, દર્શકભાઈ કારીયા, મનુભાઈ મીરાણી, ભરતભાઈ રેલીયા, વિનુભાઈ પોપટ, પંકજભાઈ તન્ના, મનુમામા વિગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા કેશોદ તાલુકા પત્રકાર સંઘના પ્રમુખ દિનુભાઈ દેવાણી પણ ખાસ ઉપસ્થિત રહ્યા છે.

અનિવાર્ય સંજોગોને કારણે ઉપસ્થિત ન રહી શકનાર લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટકે પોતાનો લાઈવ ટેલિફોનિક મેસેજ હાજર રહેલ સૌને પાઠવ્યો હતો. દિપ પ્રાગટ્ય અને મહાપરિષદના ધ્વજવંદન ગીત બાદ શિલ્પાંગભાઈ કારીયાએ હાજર રહેલ તમામનું શબ્દોથી સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ મિતલભાઈ ખેતાણીએ લોહાણા મહાપરિષદ અને મહાજનની હાલની અને ભાવિ પ્રવૃત્તિઓ વિશે પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન ડૉ. પરાગભાઈ દેવાણીએ કર્યું હતું.

- શિલ્પાંગ કારીયા
અધ્યક્ષ, પ્રોફેશનલ સમીતી






# સંસ્થા સમાચાર

## ડીસા

સમસ્ત મારવાડી લોહાણા સમાજની માતૃસંસ્થા શ્રી લોહાણા યુવક મંડળની જનરલ સભા તા.૧૮-૬-૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે માતુશ્રી હરખુબા મગનલાલ લોહાણા છાત્રાલયના સભાખંડમાં ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં યોજાઈ ગઈ જેનું અધ્યક્ષસ્થાન નવસારી નિવાસી શ્રી પ્રકાશભાઈ ચંદુલાલ ઠક્કરે શોભાવેલ. જ્યારે અતિથિ વિશેષ તરીકે જમણપુરના વતની લક્ષ્મીચંદભાઈ સી. ઠક્કરે શોભાવેલ. સભાની શરૂઆતમાં સમાજના દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ. મંડળના પ્રમુખશ્રી રમેશભાઈ જી. ઠક્કરે આવેલ તમામ વડીલો તેમજ યુવાનોનું સ્વાગત કરેલ. લગભગ ૩ કલાક ચાલેલ સભામાં મુક્તમને સમાજમાં શિક્ષણના આગામી આયોજનો અંગેની ચર્ચાઓ કરવામાં આવેલ તેમજ સમાજના યુવાનોને ઉચ્ચ શિક્ષણ તેમજ નોકરી માટેનું માર્ગદર્શન મળી રહે તે માટે એક શિક્ષણ સમિતિની રચના કરવામાં આવી. ત્યારબાદ આગામી બે વર્ષ માટેની નવીન કારોબારીની રચના કરવામાં આવી. જેમાં સમાજ સેવાની કદર કરી આગામી બે વર્ષ માટે સમાજના યુવા, ઉત્સાહીઅને સમગ્ર માનવ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા, રાષ્ટ્રપ્રેમી, સમાજની સેવા માટે સમર્પિત એવા શ્રી રમેશભાઈ ગણપતલાલ ઠક્કર (આર.જી. ઠક્કર)ની પ્રમુખ તરીકે સતત બીજી ટર્મ માટે વરણી કરવામાં આવી હતી. જ્યારે મંત્રી તરીકે અખિલ ગુજરાત લોહાણા સમાજના નિષ્ઠાવાન કાર્યકર, શ્રી જલારામ મંદિર થરાના ટ્રસ્ટી, સમાજના અદના કાર્યકર અને સમગ્ર માનવ સમાજની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા ખૂબ જ યુવાન, રાષ્ટ્રપ્રેમી, ઉત્સાહી, સેવાકીય કાર્યો માટે સમર્પિત એવા શ્રી તરૂણભાઈ વિઠ્ઠલભાઈની વરણી કરવામાં આવેલ. જ્યારે ઉપપ્રમુખ તરીકે શ્રી જીતેન્દ્રકુમાર એન. ઠક્કર, સહમંત્રી તરીકે શ્રી ભરતભાઈ એમ. ઠક્કર (લુણપુર) અને આંતરીક ઓડિટર તરીકે શ્રી સુરેશભાઈ અંબાલાલ ઠક્કર (મોરપાવાળા) તેમજ ૧૭ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવેલ. અંતમાં આભારવિધિ મંત્રી શ્રી જીતેન્દ્રકુમાર એન. ઠક્કરે કરેલ. સહુ સાથે ભોજન લઈ છૂટા પડેલ.

## ડોંબિવલી

શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટ ડોંબિવલી (પશ્ચિમ) દ્વારા તા. ૨૮ મે અને તા. ૪ જૂન, ૨૦૧૭ ના રોજ જલારામ ધામ ખાતે સર્વધર્મના વિદ્યાર્થીઓને રાહત દરથી નોટબુકોનું વિતરણ કરાયું હતું. જેમાં ઉચ્ચ દરજ્જાની ૨૦૦૦ ડઝન લોંગ બુક અને જમ્બો નોટબુકોનું વિતરણ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. જેમાં સવારથી બપોર સુધી લાભાર્થીજનોએ શિસ્તબધ્ધ રીતે હરોળ જાળવી સંત શિરોમણી શ્રી જલારામ બાપાના દિવ્ય દર્શન કરી રાહતરૂપ આ સેવા પ્રવૃત્તિનો લાભ લીધો હતો. શ્રી જલારામ સેવા મંડળ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યો, દાતાઓ, શુભેચ્છકો અને નાના મોટા કાર્યકર ભાઈબહેનોએ જહેમત ઉઠાવી હતી.

## અમદાવાદ

શ્રી અમદાવાદ લોહાણા સમાજ દ્વારા ગુજરાતમાં તથા દેશ-પરદેશમાં વસતા ઉચ્ચ શિક્ષણ મેળવેલ લગ્નોત્સુક યુવક તથા યુવતીઓ માટે ૨૧મો પરિચય મેળો તાજેતરમાં અમદાવાદમાં કાંકરીયા દેશી લોહાણા વિદ્યાર્થી ભવનના વાતાનુકુલિત કક્ષમાં યોજાઈ ગયો. આ મેળામાં બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ., બી.એસ.સી., એમ.એસ.સી., બી.સી.એ., એમ.સી.એ., બી.ફાર્મ., એમ.ફાર્મ., બી.ઈ., એમ.ઈ., એમ.એસ.ડબલ્યુ., બી.ટેક., એમ.ટેક., બી.ડી.એસ., એમ.ડી.એસ. તથા પી.એચ.ડી. તથા વિવિધ વિદ્યાશાખાના મેડિકલ ડોક્ટર યુવક-યુવતીઓએ ભાગ લીધો હતો. સમારંભના મુખ્ય અતિથિ ભારતના ઉચ્ચ ન્યાયાલય / સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ માનનીય શ્રી સી.કે. ઠક્કર સાહેબ હતા. અન્ય મહેમાનોમાં શ્રી મુકુંદભાઈ કારીયા, શ્રી જીતુભાઈ એલ. પૂજારા, શ્રી મહેશભાઈ એલ. ઠક્કર તથા શ્રી કનુભાઈ ઠક્કર હતા. આ મેળાનું સંચાલન તરવરિયા યુવાન પત્રકાર, શ્રી રમેશભાઈ તન્નાએ સુચારુ રીતે કર્યું હતું. દીપ પ્રાગટ્ય શ્રી સી. કે. ઠક્કર સાહેબ, શ્રી મુકુંદભાઈ કારિયા, શ્રી જીતુભાઈ પૂજારા, શ્રી મહેશભાઈ એલ. ઠક્કર, શ્રી કનુભાઈ પૂજારા તથા શ્રી હિંમતભાઈ પૂજારાના હસ્તે કરવામાં આવ્યું હતું.

## રાજકોટ

પર્યાવરણ સમિતિના સૌરાષ્ટ્ર વિભાગના સંયુક્ત મંત્રી શ્રીમતી તૃપ્તિબેન રાજવીર દ્વાર રાજકોટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છ વિભાગ, પર્યાવરણ સમિતિના ઉપાધ્યક્ષ દિલીપભાઈ ઠક્કર દ્વારા ગાંધીધામ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના સંયુક્ત મંત્રી શ્રી ભરતભાઈ ઠક્કર દ્વારા ભૂજ મુકામે લોટસ કોલોનીમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિ, ગુજરાત વિભાગ દ્વારા અમદાવાદ સાયન્સ સીટી ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શ્રી મુકેશભાઈ ગોવાણી, અલ્પેશભાઈ ગોવાણી તથા તેમની ટીમે ખાસ જહેમત લીધેલ. પર્યાવરણ સમિતિ વિદર્ભ સહ મધ્ય ભારત વિભાગ દ્વારા ગોંદિયા ખાતે પણ વૃક્ષારોપણ કરવામાં આવેલ તથા રાયપુરમાં પણ વૃક્ષારોપણ કરવામાં આવેલ.

સંકલન : કિરીટ ભીમાણી

# શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ - ૨૦૧૭

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા વિશ્વભરમાં વસતા રઘુવંશીઓમાંથી વિવિધ ક્ષેત્રે પોતાની જાતને પૂરવાર કરી રઘુવંશના ગૌરવને જાજરમાન બનાવવામાં જેમનું યોગદાન રહ્યું છે તેવી પ્રતિભાઓને પ્રતિવર્ષ વિવિધ આંતરરાષ્ટ્રીય એવોર્ડથી શ્રી લોહાણા મહાપરિષદના મંચ પર સન્માનિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૬ના આંતરરાષ્ટ્રીય એવોર્ડ માટેના નોમિનેશન આમંત્રિત કરવામાં આવે છે જે તે મહાજનશ્રી / સંસ્થા / ટ્રસ્ટ દ્વારા નોમિનેશન સાથે એવોર્ડ મેળવનાર સભ્યની પૂરી વિગત સુનિશ્ચિત કરાયેલ ફોર્મમાં સંપૂર્ણ માહિતી સાથે નિર્ધારિત સમય મર્યાદામાં મોકલી આપવા વિનંતી. એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૬ના એવોર્ડ માટે પસંદગી પામેલ સભ્યશ્રીઓને એવોર્ડ સમારોહના આયોજનના સમય, સ્થળ અને કાર્યક્રમની રૂપરેખા અંગે એક મહિના પહેલાં જાણ કરવામાં આવશે. એવોર્ડ નોમિનેશન માટેનું ફોર્મ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પર ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૧૬માં અપાનાર આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સમાં

(૧) સ્વ. શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા (હ. વડેરા પરિવાર, ગોંદિયા) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ, (૨) જ્ઞાતિશ્રેષ્ઠી સ્વ. શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ, (૩) સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામકોટક ચેરીટેબલ ટ્રસ્ટ (હ. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ (વ્યાપાર - ઉદ્યોગ - ધંધો), (૪) સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર (હ. શ્રી ઉમંગભાઈ હરિભાઈ ઠક્કર) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ (શોધ પ્રેરિત - સંશોધન), (૫) શ્રીમતી શાંતાબેન વ્રજદાસ દત્તાણી (હઃ દત્તાણી ફાઉન્ડેશન ટ્રસ્ટ, કોલકાતા/મુંબઈ) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી બાળ પ્રતિભા એવોર્ડ, (૬) શ્રી પ્રફુલ્લભાઈ સેજપાલ પરિવાર (કુન્નુર) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી સાહસિક પ્રતિભા (સાહસ / રમતગમત) એવોર્ડ, (૭) સ્વ. શ્રીમતી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી (હ. શ્રી મણિલાલ એન. કાથરાણી) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી વ્યવસાયિક પ્રતિભા એવોર્ડ, (૮) મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ, (૯) મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા) શ્રેષ્ઠ રઘુવંશી કન્યા / કુમાર છાત્રાલય એવોર્ડ, (૧૦) પ. પૂ. પ્રાતઃ સ્મરણીય સંત શ્રી હરીરામબાપા (શ્રી હરીરામસેવા કેન્દ્ર, અમદાવાદ) પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી ગૌસેવા કેન્દ્ર / ગૌસેવક એવોર્ડ, (૧૧) શ્રીમતી કમલબેન કિશોરભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી નારી ગૌરવ પ્રતિભા એવોર્ડ (સંઘર્ષ ગાથા આધારિત) હસ્તે : કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા , (૧૨) મજીઠીયા ફાઉન્ડેશન ટ્રસ્ટ (હ. શ્રી નવિનભાઈ મજીઠીયા) શ્રેષ્ઠ રઘુવંશી વિશિષ્ટ પ્રતિભા એવોર્ડ (વિશિષ્ટ સેવા - વિશિષ્ટ પ્રવૃત્તિ), (૧૩) શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, બેંગ્લોર પ્રેરિત રઘુવંશી મહર્ષિ એવોર્ડ, (૧૪) શ્રી કિશોરભાઈ આથા પરિવાર (આથા ગ્રુપ) પ્રેરિત શ્રેષ્ઠ લોહાણા મહાજન એવોર્ડ, (૧૫) શ્રી દક્ષા દિપક વાઘાણી ટ્રસ્ટ પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી માનવ સેવા પ્રતિભા એવોર્ડ, (૧૬) શેઠ શ્રી કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા (વડેરા), સુરત પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી મહિલા પ્રતિભા એવોર્ડ, હસ્તે : કિશોરભાઈ મંગળજીભાઈ ભજીયાવાલા, (૧૭) સુશ્રી મંગળાબેન હસમુખભાઈ કારીયા, વી.વી.નગર પ્રેરિત શ્રેષ્ઠ રઘુવંશી પત્રકારત્વ એવોર્ડ હસ્તે : તેજલ પરેશ કારીયા એવોર્ડ્સનો સમાવેશ થાય છે. આ તમામ એવોર્ડ્સ સંલગ્ન એવોર્ડ્સના સૌજન્ય દાતાશ્રીઓ તથા માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારો અને વિશેષ આમંત્રિત મહેમાનો દ્વારા શ્રી લોહાણા મહાપરિષદની સમગ્ર ટીમની ઉપસ્થિતિમાં તા. ૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી માતૃતીર્થ સિધ્ધપુર મુકામે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના શ્રીમુખે યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ દરમિયાન કોઈ પણ એક દિવસ સાંજે ભગવદ્ મંચ ઉપરથી એનાયત થશે. પસંદગી પામતા સભ્યોને આ અંગે પત્રથી વિગતવાર જાણ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭ માટેના એવોર્ડના નોમિનેશન અને સંપૂર્ણ ફાઈલ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ, ૨૦૧૭ છે.

## આમંત્રિત નોમીનેશન નીચે મુજબના નિયમોને આધિન રહેશે.

૧. નોમીનીનું પુરું નામ, સરનામું, સંપૂર્ણ બાયોડેટા (જન્મ તારીખ, ફોન નંબર, મોબાઈલ નંબર તથા ઈમેઈલ એડ્રેસ સાથે) મોકલવાનું રહેશે. (અરજીનું ફોર્મેટ માતૃસંસ્થાની વેબસાઈટ **www.lohanamahaparishad.org** પરથી આપ ડાઉનલોડ કરી શકશો.
૨. જે તે કેટેગરીની પ્રતિભા (સિદ્ધિઓને) પુષ્ટિ આપતાં દસ્તાવેજો, પ્રમાણપત્રો, અખબારો કે મેગેઝીનમાં છપાયેલી પ્રશસ્તિ અને અન્ય જે સાહિત્ય હોય તેની જે તે લોહાણા મહાજનનાં પ્રમુખ અથવા મંત્રીનાં સહી - સિક્કા સાથે પ્રમાણિત થયેલ નકલો અરજી સાથે બીડવાની રહેશે.
૩. આ ઉપરાંત નોમીનીની સિદ્ધિઓને દર્શાવતી વીડીયો સીડી (અલગ અલગ કાર્યો / પ્રવૃત્તિઓ સિદ્ધિઓની ફક્ત શ્રેષ્ઠ ઝલકો સમાવતી) પણ ફરજીયાતપણે બીડવાની રહેશે જેનો ઉપયોગ નોમીનીઝની સિદ્ધિઓને પ્રોજેક્ટર વિગેરેની મદદથી સભામાં ઉપસ્થિત રઘુવંશી શ્રેષ્ઠીઓને દર્શાવવા માટે તેમજ પસંદગીની પારદર્શિતાને સમર્થન માટે કરવામાં આવશે.
૪. મળેલા નોમીનેશન્સમાંથી પસંદગી કરવાનું સંપૂર્ણ કાર્ય શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી દ્વારા સ્વતંત્ર રીતે નીમાયેલી પસંદગી સમિતિ કરશે જેનો નિર્ણય સર્વેને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે.
૫. તમામ નોમીનીઝની અરજીઓ, તે સાથે બિડેલ દસ્તાવેજોની નકલો તથા સિદ્ધિઓ વર્ણાવતી / દર્શાવતી વિડીયો સીડી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની માલિકીની બનશે અને તે પરત આપવામાં આવશે નહીં.
૬. ઉપરોક્ત કોઈ પણ એવોર્ડ માટે નોમિનેશન મેળવનાર / અરજદાર માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખપત્ર "શ્રી રઘુકુળ વિશ્વ"ના આજીવન સભ્ય હોય તે અનિવાર્યપણે અપેક્ષિત છે.

રઘુવંશી સમાજમાં તમામ સ્તરે જાગૃતિ લાવવા, પ્રવૃત્તિઓનાં માધ્યમથી ચેતનાનો સંચાર કરવા, તંદુરસ્ત હરીફાઈ કરવા, સંગઠન અને એકતા માટેની ભાવના સુદૃઢ બનાવવા તથા અન્યો માટે માર્ગદર્શનરૂપ પ્રેરણાનું વાતાવરણ ઉભું કરવાના શુભભાવથી ૨૦૧૧માં વર્ષથી શરૂ કરેલ આ 'એવોર્ડઝ એનાયત કાર્યક્રમ'ને હરહંમેશ આપ સૌનો ઉત્તમ સહયોગ, સહકાર અને સાથ મળશે જ તેવી નમ્ર અપેક્ષા છે.

- સી. જે. ઠક્કર
કન્વીનર, એવોર્ડ પસંદગી સમિતિ

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th July 2017

NOESIS™ EDUCATION
"Sculpting careers for every, Student to flourish and thrive"

New Branch INAUGURATION OFFER

FREE IELTS*
FREE VISA Consultancy*
LIMITED SEATS ONLY

40% Scholarship On

Govt. Job | Bank Job
IBPS
LIC
Coaching & Assistance
IBPS | SBI
CLERK | PO
SSC | CMAT

SAT | ACT
GRE | GMAT
IELTS | TOEFL
PTE

Special 5% more Scholarship For Lohana Mahaparishad Members

STUDY.. WORK.. SETTLE.. at
USA | Australia | Canada | New Zealand | Europe
& Many More..

1. C.G. Road (Ahmedabad)
2. Now at Vastrapur (Ahmedabad)

Hardik Thakkar +91 9687600779
Harsh Thakkar +91 8734810114
Niraj Thakkar +91 9909016340
+91 9687600558

KB® Kutch Banaskantha Roadways
THE WORLD TRADE tours & travels
KB WORLD TOURS AND FOREX PVT. LTD. R.B.I. Approved Full Fledged Money Changer
DIGITAL WEB SOLUTION

**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)